# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ


સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**



**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૮૮/ક્વા-0૪/૨૦૨૦-૨૧/૨૩૩ તા. ૨૧.૧૦.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૮૮/ક્વા-૦૪/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી દિનેશ બી ચેતરીયા ગામ – બોખીરા

સબડીવીઝન: ઉદ્યોગનગર- પોરબંદર

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી પોરબંદર શહેર

**:: ફોરમ ::**

૧) ચેરપર્સન : શ્રી બી.પી.બુચ

૨) મેમ્બર સ્વતંત્ર : શ્રી એન.એસ.પંડયા

તારીખ: શુક્રવાર (૦૩.૦૯.૨૦૨૧)

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, હું જનકપુરી સોસાયટી શિવાલીક સોસાયટીની બાજુમાં બોખીરા પોરબંદરમાં મકાન ધરાવીએ છીયે અહી આસપાસ મારા મકાનની ખુબ જ નજીકથી વિજપોલ ઉભા કરી લાઇન નાખવાની કામગીરી હાલમાં ચાલુ છે. ઉપરોક્ત લાઇનમાં અધિકારીશ્રીદ્વારા ખુલ્લા વાયર નાખવામાં આવશે તેવું જણાવેલ છે. આપ સાહેબને અમારી માંગ સાથે નમ્રતાપૂર્વક અરજ છે કે મારા રહેણાક મકાનની બિલકુલ નજીકથી વિજતાર થવાના હોય તેમાં વિજ અધિનિયમ મુજબ પૂરતું અંતર ના જળવાતું હોય ખુલ્લા વાયર નાખવાને બદલે એરીયલ બંચ કેબલ નાખવા માટે યોગ્ય કરવા બાબત. વધુમાં જણાવવાનું કે સરકારશ્રી દ્વારા અકસ્માત ના થાય તે માટે વારંવાર જાહેરાત આપવામાં આવતી હોય છે. છતાં પણ ઉદ્યોગનગર પેટા વિભાગીય કચેરીમાં અમારી સોસાયટી તથા મારા દ્વારા લેખિતમાં અરજી આપેલ છે તેમજ મૌખિક રજુઆત કરવા છતાં અધિકારી

દ્વારા મૌખિક જણાવેલ કે તાર નાખવામાં આવશે તેવું જણાવેલ છે. અકસ્માતના બનાવો વારંવાર બનતા હોય તેનાથી આપ સાહેબ જાણો છો તો મારી ઉપરોક્ત રજૂઆતને ધ્યાને લઈ યોગ્ય કરવા વિનંતી આભાર સહ.અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ આપ સાહેબ શ્રીને જણાવવાનું કે અત્રે ના હેઠળની ઉદ્યોગનગર સબ ડિવિઝન કચેરીના ગ્રાહક શ્રી દિનેશ બી ચેતરીયા દ્વારા પોતાના રહેણાક મકાન ની બાજુમાં ઓવર હેડ કેબલ નાખવા અંગે સીજીઆરએફ જુનાગઢ ને કેસ. નં.૮૮ થી ફરિયાદ કરેલ છે.

૨.૧ પેટા વિભાગીય કચેરી દ્વારા અરજદારશ્રી એ તા. ૧૫.૦૭.૨૦૨૧ ફરિયાદ નું શુખદનિવારણ થયેલ છે. જેથી આગળ આ કેસ હવે આગળ ચલાવવાનો રહેતો નથી.તથા તા.૧૫.૦૭.૨૦૨૧ સમાધાન પત્ર માં સહી કરી આપેલ છે.

## :: હુકમ ::

૩.૦ અરજદારશ્રીની રજૂઆત અન્વયે પેરા નં ૧.૦ અન્વયે પેરા નં. ૨.૧ મુજબ પીજીવીસીએલ કંપની ની ઉદ્યોગનગર કચેરી દ્વારા ફરીયાદનું નિરાકરણ થતા પીજીવીસીએલ પોરબંદર શહેર વિભાગીય કચેરી દ્વારા અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા. ૧૫.૦૭.૨૦૨૧ થી રજુ કરેલ હોય ફોરમ કક્ષાએથી આ અરજી દફતરે કરવાનો નિર્ણય લીધેલ છે.

૩.૧ આમ ફોરમ દ્વારા અરજદારશ્રી ની કંપની ફરિયાદ અન્વયે કઈ કરવાનું રહેતું ન હોય અરજદારશ્રી ની સદર ફરીયાદ દફતરે કરવામાં આવે છે.

૩.૨ આ સાથે અરજદારશ્રી ની અરજી ફેસલ કરવામાં આવે છે.

શ્રી એન.એસ.પંડયા
સ્વતંત્ર સભ્ય

શ્રી બી.પી.બુચ
ચેરપર્સન